सत्यमेव जयते

| GJKT100018612019 | આંકઃ– | ૮૩/બી | | |
|---|---|---|---|---|
| | દાખલ થયા તારીખઃ | ૨૩–૦૯–૨૦૧૯ | | |
| | રજીસ્ટરે લીધા તારીખઃ | ૨૩–૦૯–૨૦૧૯ | | |
| | નિકાલ થયા તારીખઃ | ૨૯–૦૬–૨૦૨૬ | | |
| | **સમયગાળોઃ** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | | ૦૬ | ૦૯ | ૧૧ |

---

## ના.શ્રી અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અંજાર–કચ્છ

---

**ફોજદારી કેસ નં.૧૩૧૫/૨૦૧૯**

**શ્રી સરકાર** **::::: ફરીયાદી.**

**વિરુદ્ધ**

**(૧) રામજીભાઈ વાલજીભાઈ આહિર(ચાડ)**
ઉ.વ.આ.૨૬, ધંધોઃલાકડાનો વ્યાપાર
રહે.પ્લોટ નં.૧૨,૬/એ આદિપુર
તા.ગાંધીધામ–કચ્છ.

**(૨) શશાંત શ્રીજગમોહન શર્મા,**
ઉ.વ.આ.૪૧, ધંધોઃટ્રાન્સપોર્ટ,
રહે.હાઉસ નં.૩, પ્લોટ નં.૪૬,
આદિપુર, તા.ગાંધીધામ–કચ્છ. **::::: આરોપીઓ.**

---

**ગુન્હોઃ- ભારતીય દંડ સંહિતાની કલમ–૩૮૪,૧૧૪ મુજબનો.**

---

**ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રી એન.એસ.ઠક્કર.**
**આરોપીઓ તરફે વિ.વકીલશ્રી વી.જી.મકવાણા.**

---

**-:: ઠ રા વ ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ કલાક ૨૧:૩૦ વાગ્યાના અરસામાં ગામ-ભીમાસર, તા.અંજાર મધ્યે ફરીયાદી તથા આરોપી નં.૧ વાળા વચ્ચે રૂપીયાની લેતીદેતીનો હિસાબ બાકી હોય અને ફરીયાદીએ મંગાવેલ પાઈન અને મરંડીના પાટીયાનો માલ ૫૨.૩૮૦ ક્યુબીક મીટર જેની કિ. રૂ.૧૩,૫૭,૩૭૪/- નો આરોપી નં. ૨ વાળાના ટ્રાન્સપોર્ટના ટ્રેલર નં.GJ-12-BW-9250 વાળા મારફત રવાના કરેલ તે માલ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં બળજબરીપુર્વક ઉતારી લઈ ગુન કરી એકબીજાની મદદગારી કરી,ગુન્હો કરેલ હોય તે મતલબની ફરીયાદ ફરીયાદીએ અંજાર પોલીસ સ્ટેશનમાં તા.૧૯/૦૩/૨૦૨૪ ના રોજ અંજાર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૪૪/૨૦૧૯ થી આપતા એ.એસ.આઈ. દ્વારા સદર ગુન્હાના કામે આઈ.પી.સી.ની કલમ-૩૮૪,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ ત.ક.અ.શ્રીને સોપતા તપાસના અંતે તેઓએ આઈ.પી.સી.ની કલમ-૩૮૪,૧૧૪ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત વિગતે ગુન્હાનું આરોપીઓ સામેનું ચાર્જશીટ રજુ થતા આરોપીઓને સમન્સ કરતા આરોપી તેમના વકીલશ્રી મારફતે નામદાર અદાલત સમક્ષ ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે આરોપીઓને તેઓની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરીને આંક-૦૩ થી આરોપી પર ત્હોમતનામું ફરમાવી, આરોપીઓની આંક-૦૫ થી આંક-૦૫ લગત પ્લી રેકર્ડ કરતા આરોપીઓએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા માંગણી કરતા ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલો.

(૩) ફરીયાદપક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવોઃ-**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મહેશ વેલજીભાઈ આહિરની જુબાની. | ૦૭ |
| ૨ | પંચ સાહેદ સંદિપ શંભુભાઈ જરૂની જુબાની. | ૦૯ |
| ૩ | સાહેદ રામફલ ધરમસિંઘ પાંચાલની જુબાની. | ૩૪ |
| ૪ | ફરીયાદી રામઅવતાર પ્રેચંદ પાંચાલની જુબાની. | ૩૫ |
| ૫ | સાહેદ વિજયકુમાર દોલતરામ બંસલની જુબાની. | ૬૫ |

**દસ્તાવેજી પુરાવોઃ-**

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ. | ૦૮ |
| ૨ | અસલ એફ.આઈ.આર. | ૩૬ |
| ૩ | ટેક્સ ઈનવોસની નકલ. | ૬૭ |
| ૪ | ફોરેસ્ટ પાસની નકલ. | ૬૮ |

(૪) સમગ્ર પુરાવા અનુસંધાને આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં પ્રથમ પ્રશ્નનો જવાબ હકરામાં આપી અન્ય પ્રશ્નોના જવાબો નકારેલ છે અને આરોપીઓએ વિશેષમાં એવું જણાવેલ છે કે, "અમો આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી, અમોને આ ગુના કામે ખોટી રીતે ફીટ કરવામાં આવેલ છે અમો નિર્દોષ છીએ તેવા કારણસર અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.."

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષે વિ.વકીલશ્રી દ્વારા મૌખિક દલીલો કરવામાં આવેલ છે.

(૬) બન્ને પક્ષે રજુ થયેલ પુરાવો અને રજુઆતો ધ્યાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ-**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ કલાક ૨૧:૩૦ વાગ્યાના અરસામાં ગામ- ભીમાસર, તા.અંજાર મધ્યે ફરીયાદી તથા આરોપી નં.૧ વાળા વચ્ચે રૂપીયાની લેતીદેતીનો હિસાબ બાકી

હોય અને ફરીયાદીએ મંગાવેલ પાઈન અને મરંડીના પાટીયાનો માલ ૫૨.૩૮૦ ક્યુબીક મીટર જેની કિ. રૂ.૧૩,૫૭,૩૭૪/– નો આરોપી નં. ૨ વાળાના ટ્રાન્સપોર્ટના ટ્રેલર નં.GJ–12–BW–9250 વાળા મારફત રવાના કરેલ તે માલ આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં બળજબરીપુર્વક ઉતારી લઈ ગુન કરી એકબીજાની મદદગારી કરીઆઈ.પી.સી.ની કલમ–૩૮૪, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર એવો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ

(૭) પ્રસ્તુત મુદ્દાઓમાં મારા ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

<u>નિર્ણયઃ–</u> (૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) પ્રસ્તુત મુદ્દાઓના મારા ઉપરોક્ત ન્યાયિક નિર્ણય સંબંધેના કારણો નીચે મુજબ છે.

**<u>પક્ષકારોનો મૌખિક પુરાવોઃ–</u>**

(૯) ફરીયાદપક્ષે આંક–૦૭ થી પંચ સાહેદ મહેશ વેલજીભાઈ આહિરને તપાસવામાં આવેલ છે અને તેવો પુરાવો આપેલ છે કે, તા.૧૬/૦૬/૨૦૧૯ ના રોજ અંજાર પોલીસે તેમને કોઈ સ્થાનીક જગ્યાનું પંચનામું કરવા બોલાવેલા હોય અને ત્યાં તેઓ પંચોની હાજરીમાં કોઈ વસ્તુ મુદ્દામાલ તરીકે કબ્જે લેવામાં આવેલ હોય અને તે અંગેનું પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોય તેવું બનેલ નહી. તેમને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે તેમા પંચ નં.૧ તરીકે તેમની સહી ઓળખે છે જે આંક–૦૮ થી રજુ છે.

આમ, સદર પંચ સાહેદ તેમના પુરાવામાં પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી.

સદર પંચ સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટ તપાસમાં

એ વાત સ્વીકારે છે કે, તૈયાર કાગળમાં પોલીસે તેમની સહી લીધેલી.

**(૧૦)** ફરીયાદપક્ષે આંક–૦૯ થી પંચ સાહેદ સંદિપ શંભુભાઈ જરુને તપાસવામાં આવેલ છે અને તેવો પુરાવો આપેલ છે કે, તા.૧૬/૦૬/૨૦૧૯ ના રોજ અંજાર પોલીસે તેમને કોઈ સ્થાનીક જગ્યાનું પંચનામું કરવા બોલાવેલા હોય અને ત્યાં તેઓ પંચોની હાજરીમાં કોઈ વસ્તુ મુદ્દામાલ તરીકે કબ્જે લેવામાં આવેલ હોય અને તે અંગેનું પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોય તેવું બનેલ નહી. તેમને આંક–૦૮ વાળા પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે તેમા પંચ નં.૨ તરીકે તેમની સહી ઓળખે છે.

આમ, સદર પંચ સાહેદ તેમના પુરાવામાં પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતા પંચનામાને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી.

સદર પંચ સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટ તપાસમાં એ વાત સ્વીકારે છે કે, તૈયાર કાગળમાં પોલીસે તેમની સહી લીધેલી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૩૪ થી સાહેદ રામફલ ધરમસિંહ પાંચાલને તપાસવામાં આવેલ છે અને તેવો પુરાવો આપેલ છે કે, આ કામના ફરિયાદી રામઅવતાર તેમના જમાઈ થાય છે. હાલનો આ બનાવ આજથી આશરે બે–અઢી વર્ષ અગાઉ બનેલો. તેમના જમાઈએ અહીંથી લાકડાના પાટીયા મંગાવેલ હતા જે ચોરી થઈ જતા જેથી તેઓ તથા તેમના જમાઈ રામઅવતાર તથા મારો દિકરો રાકેશ તેઓ અહી આવેલા. આ ચોરીની ફરિયાદ લખાવવા અંજાર પોલીસ સ્ટેશને ગયેલ અને ત્યાં તેમના જમાઈએ ફરિયાદ આપેલ. મારા જમાઈએ અહીંથી આ લાકડાના પાટીયા મંગાવેલા જે વેચનારે ગાડીમાં લોડ કરાવી દીધેલ ત્યારબાદ રામજીભાઈ તેમજ બીજા વ્યકિતએ જેમા એક યુનિયનવાળા ભાઈ હતા તેઓએ આ લાકડાનો માલ રાખી દીધેલ જે અંગે મારા જમાઈએ ફરિયાદ આપેલ. તેઓ ફરિયાદ આપ્યા પછી પોલીસે રામજીભાઈ અને બીજા વ્યક્તિને પકડેલ તેઓ રામજીભાઈને જોયેથી ઓળખુ છે તેઓ તેને પોલીસ સ્ટેશનમાં જોયેલા અને આજે પણ તેઓ નામદાર કોર્ટમાં

હાજર છે તે છે.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉલટ તપાસમાં એ વાત સ્વીકારે છે કે, તેમની રામજીભાઈ સાથે કોઈ વાતચીત થયેલ નહિ, તેમના જમાઈએ કોની પાસેથી માલ લીધેલો તેની તેમને ખબર નથી, પોલીસે તેમને તેમનું નામ સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલુ નહિ.

**(૧૨)** ત્યારબાદ ફરીયાદપક્ષ આંક-૩૫ થી ફરીયાદી રામઅવતાર પ્રેમચંદ પંચાલને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદપક્ષ કેસને સમર્થન કરીને તેવો પુરાવો આપેલ છે કે, હાલનો બનાવ વર્ષ-૨૦૧૯ માં બનેલો. તેઓએ તા.૦૮-૦૬-૨૦૧૯ ના શંકર ટીંબર ગાંધીધામથી પાઈન લાકડાના પાટીયા ખરીદેલા જે ચાલીસ ટનના ટ્રોલામાં આવે તેટલા લાકડા ખરીદેલા અમોએ આ લાકડા ખરીદેલ અને તે ટ્રાન્સપોર્ટના ટ્રેલરમાં લોડ કરાવેલ અને ત્યારબાદ અમો સાંજના ટ્રેન દ્વારા તેમના વતન ચાલ્યા ગયેલા. આ લાકડુ આશરે પંદર લાખનું હતુ. આ અમે જે ટ્રાન્સપોર્ટના ટ્રેલરમાં માલ લઈ ગયેલ તેના માલિકનું નામ તેમને ખબર નથી. તેઓ જે ટ્રેલરમાં માલ ભરેલો તે ટ્રેલરના નંબર-૯૨૫૦ હતા અને તે ગુજરાત રાજયની હતી. તેમને બે દિવસ પછી જાણવા મળેલ કે, તેમના આ માલને રામજીભાઈ એ રોકી લીધેલ છે. આ રામજીભાઈ પાસેથી તેઓ અગાઉ સાગવાન લાકડુ ખરીદતા હતા તેમની વીકે લુંબર્સ નામની પેઢી ગાંધીધામમાં આવેલ છે. આ રામજીભાઈએ તેમનુ આ લાકડાનું માલ શા માટે રોકેલ તે તેમને ખબર નથી. તેમને તેમની ગાડી રોકાયાની જાણ થતા અમો પાછા ગાંધીધામ આવેલા.જેમા તેમના સસરા રામફલ તથા રાકેશ રામફલ અને તેઓ ગાંધીધામ આવેલા. જેથી તેઓએ ગ્રીન એચપીઆર ટ્રાન્સપોર્ટના માલિકે તેમને જણાવેલ કે, તમારો માલ વી.કે.લુંબર્સ વાળા રામજીભાઈએ રોકી રાખેલ છે. આ બનાવમાં રામજીભાઈના એક પાર્ટનર પણ સામેલ હતા જેનું નામ તેમને હાલ યાદ નથી. ત્યારબાદ તેઓએ આ ટ્રેલરના ડ્રાઈવરને તેમનો માલ કયાં છે તેબાબતે પુછેલ જેથી આ ડ્રાઈવર તેઓને વી.કે.લુંબર્સમાં જયા તેમનો માલ પડેલ હતો ત્યાં લઈ ગયેલ. તેમનો આ લાકડાનો માલ ત્યાં રાખેલ હતો જે તેમને ત્યાં મળેલ

ત્યારબાદ જયારે તેઓ પોલીસને લઈ ગયેલ ત્યારે પણ તેમનો આ માલ વી.કે.લુંબર્સ માંથી જ કબજે કરેલ. તેઓએ વી.કે.લુંબર્સમાં તેમનો માલ જોયા પછી પોલીસને આ બનાવની ફરિયાદ આપેલ. આ તેમની ગાડી યાં ઉભેલ હતી તે ગાડીનો ફોટો પોલીસે લીધેલો. તેઓએ આ બનાવની ફરિયાદ અંજાર પોલીસ સ્ટેશનમાં આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખે છે જે આંક–૩૬ થી રજુ છે. આ વી.કે.લુંબર્સવાળા રામજીભાઈ પાસેથી અમારે ૧૭ લાખ રૂપિયા લેવાના બાકી છે પણ તે આપતા નથી. જેમાંથી ૪ લાખ રૂપિયા આપી દીધેલ છે અને ૧૩ લાખ બાકી છે. આ ૧૭ લાખ રૂપિયા અમોએ બેંક મારફતે રામજીભાઈને આપેલ છે. તેઓ આરોપી રામજીભાઈને જોયેથી ઓળખે છે.

સદર ફરીયાદીની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, રામજીભાઈ સાથેના બેંક વ્યવહારની વિગતો તેઓએ પોલીસને આપેલી નથી. રામજીભાઈ સાથે તેમને અગાઉ જે વ્યવહારો થયેલા છે તેનું લેઝર એકાઉન્ટ તેમની પાસે ઉપલબ્ધ નથી તેથી તેઓ રજુ કરી શકે તેમ નથી.

**(૧૩)** ત્યારબાદ ફરીયાદપક્ષ આંક–૬૫ થી સાહેદ વીજયકુમાર દોલતરામ બંસલને તપાસવામાં આવેલ છે તેઓ ફરીયાદપક્ષ કેસને સમર્થન કરીને તેવો પુરાવો આપેલ છે કે, તેઓ છેલ્લા ત્રીસ વર્ષથી સર્વે નંબર – ૨૦૩/ ચુડવા ગામે લાકડાનો વ્યાપાર કરે છે. તેઓ જે વાંચેલો તેને આશરે ચાર પાંચ વર્ષ થયા હશે. તેઓને પાઈન વુડ લાકડુ જે માલ રાજેશ બ્રોકર હતા તને વેચેલો. રાજેશે આ માલ રોહતકના કોઈ વેપારીને વેચેલો. તેઓએ જે આ માલ વેંચેલો તેની ગાડી ભરાવેલી તે ગાડીના નંબર હાલ તેમને યાદ નથી. આ ગાડી ભરાવયા બાદ અને રાજેશે જેને માલ વેચેલો તેને ડીલવરી આપવા મોકલી દીધી. રાજેશ તથા રામજભાઈ આહીરને કોઈ લેવડ દેવડ બાબતે ઝઘડો હતો તેથી રામજીભાઈએ આ માલ ભરેલ ગાડી તેમની પાસે રોકી રાખેલ. તેમને અંજાર પોલીસ સ્ટેશનથી ફોન આવેલો કે તેમની શંકર ટીમ્બરનો માલ ભરેલો છે અને રોહતકની જે પાર્ટી છે તેમણે ફરીયાદ કરેલી છે

તેવો ફોન આવેલો. તેઓ પોલીસ સ્ટેશન ગયેલો અને ત્યાં આગળ તેમને રામજીભાઈ મળેલા અને તેઓએ રામજીભાઈને કહેલ કે આ માલ મારો છે તમે મને કોર્ટમાંથી છોડાવી આપો તમારી વચ્ચે જે મેટર હોય તે મારે કંઈ લેવા દેવા નથી. આ માલ છોડાવવા માટેની અરજી તેઓએ કરેલી હતી. આ માલ બ્રોકર રાજેશભાઈને વેંચેલો પરંતુ તે પેટેની રકમ મને રાજેશભાઈએ ચુકવી નહીં. તેમને તેમના માલની રકમ જે પાર્ટીનું તેઓએ બીલ બનાવેલ છે તેણે તેઓને ચુકવવાની હોય છે તે રકમ પંદર થી વીસ દીવસમાં ચુકવી આપવાની હોય છે. તેમનો કોર્ટની ફાઈલમાંથી બીલ બતાવવામાં આ બીલ જોઈને તેઓ કહે છે કે આ બીલ તેમની કંપનીનુ છે અને આ માલ રાજેશભાઈ બ્રોકર મારફતે પ્રેમ એન્ડ સન્સને જે લાકડુ વેચેલ તેનું છે. જે કમ્પ્યુટર જનરેટેડ છે જે આંક-૬૭ થી રજુ છે. તેમજ આ લાકડા માટેનો ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાંથી મેળવેલ પાસની નકલ તેમને બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, આ તેઓએ મેળવેલ પાસ છે જે આંક-૬૮ થી રજુ છે. તેઓ રામજીભાઈને અગાઉ મળેલ ન હતો પણ મે તેમને પોલીસ સ્ટેશનમાં જોયેલા હતા તેથી તેને જોઈયેથી ઓળખે છે. આ રાકેશભાઈ અને રામફલને તેઓ ઓળખતા નથી અને તેઓ તેમના કોઈ સંબંધી થતા નથી.

સદર સાહેદની બચાવપક્ષના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે,તેઓએ જે માલ વેચેલો તેના રૂપીયા તેમને મળેલા ન હતા, આજરોજ આંક-૬૭ વાળો બીલ બતાવવામાં આવેલ તે રકમ ન મળવાથી મારા ટેક્ષ ઈન્વોઈસ રજીસ્ટરમાં કેન્સલ બતાવેલ છે, તેઓએ વેચેલો માલ ના. કોર્ટના હુકમથી પોલીસ સ્ટેશનમાંથી તેમને પરત મળી ગયેલ છે, આંક – ૬૮ વાળો ફોરેસ્ટ પાસ કોઈ પરીવહન ન થતા તે પણ કેન્સલ કરાવેલ છે, તેઓએ જે માલ વેચેલો તે માલ રાજેશે જે નામનું બીલ માંગેલુ તે મુજબ બનાવી આપેલું, આરોપી અને ફરીયાદી પક્ષ વચ્ચે કઈ બાબતને લઈને તકરાર હતી કે તકરાર હતી કે કેમ તેની તેમને જાણ નથી, પોલીસે તેમની પાસે ફકત તેમનુ નામ સરનામુ અને રહેણાકની વીગતો પુછેલી તે સીવાય તેઓએ કંઈ પોલીસને સામેથી લખાવેલ નથી, આંક – ૬૭

અને ૬૮ વાળા આધારો મુદામાલ પોલીસ સ્ટેશન છોડાવવા જતા પોલીસે માંગતા તેની ઝેરોક્ષ તેઓએ આપેલી, તેઓ જયારે પોલીસ સ્ટેશન ગયેલ ત્યારે તેઓએ વેચેલો માલ ત્યાં જ પડેલ હતો.

<u>**પુરાવાનું મુલ્યાંકન:–**</u>

**(૧૪)** આપણી ફોજદારી ન્યાય વિતરણ પધ્ધતિ મુજબ પ્રોસીક્યુસન પક્ષે આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હાઓ યોગ્ય પુરાવો રજુ કરીને નિઃશંકપણે પુરવાર કરવાની જવાબદારી પ્રોસીક્યુશન પક્ષની થાય છે. આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી.

**(૧૫)** ફરીયાદપક્ષે પોતાને કેસ પુરવાર કરવા માટે કુલ પાંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. આંક–૦૭ થી પંચ સાહેદ મહેશ વેલજીભાઈ આહિર, આંક–૦૯ થી પંચ સાહેદ સંદિપ શંભુભાઈ જરૂ, આંક–૩૪ થી સાહેદ રામફલ ધરમસિંઘ પાંચાલ, આંક–૩૫ થી ફરીયાદી રામઅવતાર પ્રેચંદ પાંચાલ, આંક–૬૫ થી સાહેદ વિજયકુમાર દોલતરામ બંસલ ને તપાસેલ છે.

પ્રોસીક્યુશન તરફે આંક–૦૮ થી સ્થાનીક જગ્યાના પંચનામાની ખરી નકલ, આંક–૨૨ થી અસલ એફ.આઈ.આર., આંક–૬૭ થી ઈનવોઈસની નકલ તથા આંક–૬૮ થી ફોરેસ્ટ પાસની નકલ રજુ થયેલ છે.

**(૧૬)** સદર કામે આંક–૦૮ થી રજુ સ્થાનીક પંચનામાના પંચ સાહેદો પૈકી આંક–૦૭ થી પંચ સાહેદ મહેશ વેલજીભાઈ આહિર તથા આંક–૦૯ થી પંચ સાહેદ સંદિપ શંભુભાઈ જરૂ ના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે ઉપરોક્ત બન્ને પંચ સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને તેઓએ તેમના સર તપાસના પુરાવામાં ફક્ત એક તૈયાર પંચનામામાં સહી હોવાનું જણાવેલ છે અને તેમની હાજરીમાં કોઈ વસ્તુ કબ્જે લેવામાં આવેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાવે છે. સદર પંચ સાહેદોની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેમાં તેઓ એ વાત કબુલ રાખે છે કે, તૈયાર કાગળમાં પોલીસે તેમની સહી લીધેલી. આમ, સદર પંચ સાહેદોના પુરાવા પરથી આંક–૦૮ વાળું સ્થાનીક જગ્યાનું પંચનામું બિનપુરવાર રહેલ છે.

(૧૭) ત્યારબાદ સદર કામે આંક–૩૪ થી સાહેદ રામફલ ધરમસિંઘ પાંચાલના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામના ફરીયાદી તેમના જમાઈ થાય છે અને આ ચોરીની ફરિયાદ લખાવવા અંજાર પોલીસ સ્ટેશને ગયેલ અને ત્યાં તેમના જમાઈએ ફરિયાદ આપેલ હોવાનું જણાવે છે. મારા જમાઈએ અહીંથી આ લાકડાના પાટીયા મંગાવેલા જે વેચનારે ગાડીમાં લોડ કરાવી દીધેલ ત્યારબાદ રામજીભાઈ તેમજ બીજા વ્યકિતએ જેમા એક યુનિયનવાળા ભાઈ હતા તેઓએ આ લાકડાનો માલ રાખી દીધેલ જે અંગે મારા જમાઈએ ફરિયાદ આપેલ. પરંતુ આ કામના આરોપીઓએ જ માલ રોકી રાખેલ તેવું ક્યાય જણાવેલ નથી. સદર સાહેદ ઉલટ તપસામાં એ વાત કબુલ રાખે છે કે, તેમની રામજીભાઈ સાથે કોઈ વાતચીત થયેલ નહિ, તેમના જમાઈએ કોની પાસેથી માલ લીધેલો તેની તેમને ખબર નથી, પોલીસે તેમને તેમનું નામ સરનામું પુછેલુ તે સિવાય બીજુ કંઈ પુછેલુ નહિ. આમ, સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને કોઈપણ રીતે મદદકર્તા સાબિત થતો નથી.

(૧૮) ત્યારબાદ સદર કામે આંક–૩૫ થી ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેમના પુરાવામાં આંક–૩૬ થી અસલ એફ.આઈ.આર. રજુ થવા પામેલ છે અને તેઓ તેમના સર તપાસના પુરવામાં ફરીયાદપક્ષના કેસને સમર્થકારક પુરાવો આપેલ છે અને તેઓએ તા.૦૮–૦૬–૨૦૧૯ ના શંકર ટીંબર ગાંધીધામથી પાઈન લાકડાના પાટીયા ખરીદેલા જે ચાલીસ ટનના ટ્રોલામાં આવે તેટલા લાકડા ખઆ રામજીભાઈએ તેમનુ આ લાકડાનું માલ શા માટે રોકેલ તે તેમને ખબર નથી.રીદેલા અમોએ આ લાકડા ખરીદેલ અને તે ટ્રાન્સપોર્ટના ટ્રેલરમાં લોડ કરાવેલ અને ત્યારબાદ અમો સાંજના ટ્રેન દ્વારા તેમના વતન ચાલ્યા ગયેલા. આ લાકડુ આશરે પંદર લાખનું હતુ. આ રામજીભાઈએ તેમનુ આ લાકડાનું માલ શા માટે રોકેલ તે તેમને ખબર નથી. તે સિવાય અન્ય કોઈ ગુનાલક્ષી હકીકત સર તપાસમાં જણાવેલ નથી. સદર ફરીયાદી ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો તેમાં એ વાત કબુલ રાખે છે કે,રામજીભાઈ સાથેના બેંક વ્યવહારની વિગતો તેઓએ પોલીસને આપેલી નથી. રામજીભાઈ સાથે તેમને અગાઉ જે વ્યવહારો થયેલા

છે તેનું લેઝર એકાઉન્ટ તેમની પાસે ઉપલબ્ધ નથી તેથી તેઓ રજુ કરી શકે તેમ નથી. આમ, સદર ફરીયાદીનો પુરવો ફરીયાદપક્ષને કોઈપણ રીતે મદદકર્તા સાબિત થતો નથીતેઓ પોલીસ સ્ટેશન ગયેલો અને ત્યાં આગળ તેમને રામજીભાઈ મળેલા અને તેઓએ રામજીભાઈને કહેલ કે આ માલ મારો છે તમે મને કોર્ટમાંથી છોડાવી આપો તમારી વચ્ચે જે મેટર હોય તે મારે કંઈ લેવા દેવા નથી. આ માલ છોડાવવા માટેની અરજી તેઓએ કરેલી હતી.

(૧૯) ત્યારબાદ સદર કામે આંક–૬૫ થી સાહેદ વીજયકુમાર દોલતરામ બંસલના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેમના પુરાવામાં આંક–૬૭ થી ઈનવોઈસ તથા આંક–૬૭ ફોરેસ્ટ પાસ રજુ થયેલ છે. તેઓ છેલ્લા ત્રીસ વર્ષથી સર્વે નંબર – ૨૦૩/ ચુડવા ગામે લાકડાનો વ્યાપાર કરે છે. તેઓ જે વાંચેલો તેને આશરે ચાર પાંચ વર્ષ થયા હશે. તેઓએ જે આ માલ વેંચેલો તેની ગાડી ભરાવેલી તે ગાડીના નંબર હાલ તેમને યાદ નથી. તેઓ પોલીસ સ્ટેશન ગયેલો અને ત્યાં આગળ તેમને રામજીભાઈ મળેલા અને તેઓએ રામજીભાઈને કહેલ કે આ માલ મારો છે તમે મને કોર્ટમાંથી છોડાવી આપો તમારી વચ્ચે જે મેટર હોય તે મારે કંઈ લેવા દેવા નથી. આ માલ છોડાવવા માટેની અરજી તેઓએ કરેલી હતી. તેઓ રામજીભાઈને અગાઉ મળેલ ન હતો પણ મે તેમને પોલીસ સ્ટેશનમાં જોયેલા હતા તેથી તેને જોઈયેથી ઓળખે છે. આ રાકેશભાઈ અને રામફલને તેઓ ઓળખતા નથી અને તેઓ તેમના કોઈ સંબંધી થતા નથી. સદર સાહેદ ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખે છે કે, તેઓએ જે માલ વેચેલો તેના રૂપીયા તેમને મળેલા ન હતા, આજરોજ આંક–૬૭ વાળો બીલ બતાવવામાં આવેલ તે રકમ ન મળવાથી મારા ટેક્ષ ઈન્વોઈસ રજીસ્ટરમાં કેન્સલ બતાવેલ છે, તેઓએ વેચેલો માલ ના. કોર્ટના હુકમથી પોલીસ સ્ટેશનમાંથી તેમને પરત મળી ગયેલ છે, આંક – ૬૮ વાળો ફોરેસ્ટ પાસ કોઈ પરીવહન ન થતા તે પણ કેન્સલ કરાવેલ છે, તેઓએ જે માલ વેચેલો તે માલ રાજેશે જે નામનું બીલ માંગેલુ તે મુજબ બનાવી આપેલું, આરોપી અને ફરીયાદી પક્ષ વચ્ચે કઈ બાબતને લઈને તકરાર હતી કે તકરાર હતી કે કેમ તેની તેમને જાણ નથી,

પોલીસે તેમની પાસે ફકત તેમનુ નામ સરનામુ અને રહેણાકની વીગતો પુછેલી તે સીવાય તેઓએ કંઈ પોલીસને સામેથી લખાવેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષને કોઈપણ રીતે મદદકર્તા સાબિત થતો નથી.

સદર ફરીયાદ કામે ફરીયાદપક્ષે જે સાક્ષીઓ તપાસવામાં આવેલ છે તેનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તેઓનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૨૦)** આમ, ઉપરોક્ત સમગ્ર ચર્ચા પરથી એ હકીકત પુરવાર થાય છે કે, ખુદ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ફરીયાદી તથા પંચ સાહેદો તેમની સોગંદ પરની જુબાનીમાં આરોપી વિરુદ્ધ આક્ષેપ મુજબનો પુરાવો રજુ કરતા નથી. આમ, છતાં આ કામે જો કોઈ સાહેદને તપાસવામાં આવે તો પણ ફરીયાદપક્ષના કેસને પુરવાર કરી શકે તેવા સંજોગો નથી કેમ કે મુળ ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી જેથી રજુ કરવામાં આવેલ પુરાવા ઉપરથી ફરીયાદપક્ષ આરોપી વિરુદ્ધનો પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.(૧) નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.(૨) નાં પ્રત્યુતરરૂપે આખરી આદેશ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના આરોપી **(૧) રામજીભાઈ વાલજીભાઈ આહિર(ચાડ)** ઉ.વ.આ.૨૬, ધંધોઃલાકડાનો વ્યાપાર, રહે.પ્લોટ નં.૧૨,૬/એ આદિપુર,તા.ગાંધીધામ-કચ્છ, **(૨) શશાંત શ્રીજગમોહન શર્મા,** ઉ.વ. આ.૪૧, ધંધોઃટ્રાન્સપોર્ટ,રહે.હાઉસ નં.૩, પ્લોટ નં.૪૬, આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૮૪,૧૧૪ મુજબ શિક્ષાને પાત્ર એવા ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ લાકડા જેની કિ.રૂ.૧૩,૫૭,૩૭૪/- અંગે અગાઉ તા.૨૭/૦૬/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૩) આરોપીઓએ સી.આર.પી.સી.ની કલમ-૪૩૭(એ) ની જોગવાઈ મુજબ જામીન આપવા.

હુકમ આજરોજ **તારીખઃ૨૯મી,માહે:જુન,સને-૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૯/૦૬/૨૦૨૬
સ્થળ: અંજાર-કચ્છ

**(બી.આર.વાઘેલા)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અંજાર-કચ્છ.
જજ કોડ: જી.જે.૦૦૯૯૩.

//એચ.એન.ભાવસાર//